(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં તપોવન વિદ્યા મંદિર દ્વારા સમર કેમ્પ યોજાયો

પ્રાંતિજ નગરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ તપોવન વિદ્યામંદિર દ્વારા ચાર દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં મ્યુઝીક, કરાટે, ડાન્સ, પેઈન્ટીંગ, ટેલેન્ટ શો, ક્રિકેટ, થીમ શો, સ્પોકન ઈંગ્લીશ તેમજ સામાન્ય ટીપ્સનું જ્ઞાન કેમ્પસના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. બાળકોએ તમામ જ્ઞાન મુકત મને લઈ આનંદ માણ્યો હતો આ સમગ્ર કેમ્પનું આયોજન સંસ્થાના પ્રમુખ તેમજ મુકુન્દભાઈ રાવલ તેમજ પરિવાર દ્વારા ગોઠવવામાં આવ્યું હતું.

ભિલોડા પંથકમાં વાવાઝોડું ફુંકાયું

ભિલોડા, વિજયનગર, શામળાજી, સુનોખ, પાલ્લા, ચિઠોડા, નારણપુર, નારસોલી, વાંકાનેર, વાંસેરાકંપા, મણીપુરકંપા, બામણવાડ, મોટી ઈસરોલ પંથકમાં એકા-એક ભર બપોરે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ જોરદાર વાવાઝોડું ફુકાયું હતું. કમોસમી વરસાદ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં વરસ્યો હતો. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં કરા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. મોંઘા ભાવનો સુકો અને લીલો ઘાસચારો પલળ્યો પશુપાલકો ચિંતાતુર અને ખેડુતોમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં વીજપુરવઠો ખોરવાયો હતો. પ્રજાજનો પરસેવાથી રેબઝેબ જોવા મળતા હતા. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના મુખ્ય અધિકારી ઉપર જાગૃત પ્રજાજનો ફીટકારની લાગણી વરસાવતા હતા.

ભિલોડા, તા.૨૬

ભિલોડા, વિજયનગર, શામળાજી, સુનોખ, પાલ્લા, ચિઠોડા, નારણપુર, નારસોલી, વાંકાનેર, વાંસેરાકંપા, મણીપુરકંપા, બામણવાડ, મોટી ઈસરોલ પંથકમાં એકા-એક ભર બપોરે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ જોરદાર વાવાઝોડું ફુકાયું હતું. કમોસમી વરસાદ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં વરસ્યો હતો. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં કરા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. મોંઘા ભાવનો સુકો અને લીલો ઘાસચારો પલળ્યો પશુપાલકો ચિંતાતુર અને ખેડુતોમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં વીજપુરવઠો ખોરવાયો હતો. પ્રજાજનો પરસેવાથી રેબઝેબ જોવા મળતા હતા. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના મુખ્ય અધિકારી ઉપર જાગૃત પ્રજાજનો ફીટકારની લાગણી વરસાવતા હતા.

વાતાવરણમાં નાટ્યત્મક રીતે પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધોમધખતા ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં વાતાવરણમાં નાટ્યાત્મક રીતે એકા-એક પલટો આવી રહ્યો છે. દિવસ દરમ્યાન કાળઝાળ અસહ્ય ગરમીનો પ્રકોપ જોવા મળતો હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ જ હોય છે. વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવતો હોવાના કારણે ખેડુતોના જીવ ગભરાયા હોવાનું જાણવા મળેલ છે. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે અમી છાંટણા વરસતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી.ઉનાળાની સીઝનમાં કમોસમી વરસાદ વધુ આવશે તેવા એંધાણ વર્તાતા હોવાના કારણે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, મોડાસા, બાયડ, વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ, માલપુર તાલુકાના ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં એકા-એક ઠંડા તીવ્ર પવનો ફુંકાયા હતા. આકાશમાં વાદળો ઘેરાયા અને ક્યાંક-ક્યાંક વરસાદ વરસ્યો હતો. ખેડુતોમાં ભારે ચિંતાનું મોઝુ ફરી વળ્યું હતું. ગરમીનો પારો એકા-એક ઉંચો આવતા ઉનાળાની સીઝન આકરી બનશે તેવા એંધાણ વર્તાતા હતા ત્યારે ગરમીના પારાની વધ-ઘટ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી મોસમનો મિજાજ સતત બદલાતો રહ્યો છે. વહેલી સવારે અને સાંજે આકાશ વાદળો ઘેરાયા બાદ ક્યાંક-ક્યાંક વરસાદના અમીછાંટણા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી પ્રજાજનોએ ખુશનુમા વાતાવરણની મઝા માણી હતી. તીવ્ર પવન સાથે જોરદાર વાવાઝોડું ફુકાતા પશુપાલકોએ હોંશે-હોંશે મોંઘાભાવે ખરીદેલ હુસેલ, મગફળીનું ભુસું, બાજરીના પુળા, સુકો ઘાસચારો પલળી ગયો હતો. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ધરતીપુત્રોમાં ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે. પવનના સુસવાટા સાથે જોરદાર વાવાઝોડુ આવતા ઠેર-ઠેર મોટા-મોટા હોર્ડિંગ્સો, લગ્ન મંડપો,નાના-મોટા વર્ષો જુના વૃક્ષો ધારાશાયી, મકાનોના પતરા ઉડ્યા હતા.

ભિલોડા, નારણપુર, નારસોલી, વાંકાનેર, નવાભેટાલી, ચુનાખાણ, બુઢેલી, સુનોખ, પાલ્લા, ચિઠોડા, ટાકાટુકા, ટોરડા, મુનાઈ, સુનસર, વાંસેરાકંપા, મણીપુર કંપા, બામણવાડ, મોટી ઈસરોલ, ગાજણ કંપા, ખેરંચા, રાજેન્દ્રનગર, આડાહાથરોલ, શામળપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. પ્રજાજનો અસહ્ય કાળઝાળ ગરમીમાં સેકાયા હતા. ધુળની ડમરીઓ ઉડતા વાહન-ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉનાળાની સીઝન દરમ્યાન ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો ત્યારે પ્રજાજનો પરસેવાથી ન્હાઈ રહ્યા હતા. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે વાતાવરણમાં કુદરતી રીતે પલટો આવ્યા બાદ પવનની સાથે-સાથે વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.અસહ્ય કાળઝાળ ગરમીથી તોબા-તોબા પોકારતા પ્રજાજનોએ ઠંડકના કારણે હાશકારો અનુભવ્યો હતો.

ચિઠોડા ગામના શૈલેષભાઈ પંચાલના જણાવ્યા મુજબ ચિઠોડા પંથકમાં જોરદાર પવન સાથે ભરબપોરે વાવાઝોડું ફુંકાયું હતું. ચિઠોડા ગામના હાર્દસમા બજાર વિસ્તારમાં વૃક્ષો ધારાશાયી થયા હતા.ચિઠોડા ગામમાં ઘરના પતરાં અને નળીયા વાવાઝોડામાં ઉડી ગયા હતા. વીજળીના થાંભલાના તાર તુટી ગયા અને વીજળીના થાંભલા ધારાશાયી થયા હતા જેના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં અગનજવાળાઓમાં પ્રજાજનો રીતસરના સેકાયા હતા.યુ.જી. વી.સી.એલ.ના જવાબાદર અધિકારીઓ ઉપર ફીટકારની લાગણી પ્રજાજનો વરસાવી રહ્યા હતા.

ખેડબ્રહ્માના શ્યામપુર ગામ પાસે જીપ અને વાન વચ્ચે અકસ્માતમાં પાચને ઈજા : એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના શ્યામપુર ગામ પાસે સોમવારે બપોરે જીપ અને મારૂતીવાન

વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં સાતને ઈજા થવા પામી હતી જે પૈકી જીપમાં બેઠેલ એક મહિલાને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરેલ હતી જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું આ અંગે પોલીસને જાણ થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ સોમવારે બપોરે વડાલીથી ખેડબ્રહ્મા તરફ મુસાફર ભરી જીપ આવી રહી હતી. દરમિયાન ખેડબ્રહ્માથી વડાલી તરફ જઈ રહેલ મારૂતી વાન સાથે શ્યામપુર પાસે જીપ અને મારૂતી વાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂતી વાનમાં બેઠેલ ૧ અને જીપમાં બેઠેલ ૬ મળી કુલ સાતને ઈજા થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડાયેલ જયાંથી વધુ સારવાર માટે હિંમતનગરની ખાનગી મેડીસ્ટાર હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં ખેડબ્રહ્માના રાધીવાડની ૪૦ વર્ષીય મહિલા અંજનાબા કરણસિંહ ગોહિલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસને જાણ થતા પોલીસે હિંમતનગર ખાનગી હોસ્પિટલમાં આવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જોરાપુરની પરણીતાનું અગ્નિસ્નાન

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જોરાપુર ગામે સોમવારે સવારે કોઈ અગમ્ય કારણોસર શરીરે દાજી ગયેલ જેને હિંમતનગર સિવિલમાં લાવતા સમયે રસ્તામાં મોત નીપજતા સિવિલના ડોક્ટરે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે જાણ કરતા પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરના નવા ગામની ૨૧ વર્ષીય હીનાના લગ્ન દોઢ મહિના પહેલા જોરાપુર ગામના અશોકસિંહ ઝાલા સાથે થયા હતા. દરમિયાન સોમવારે સવારે હીના તેમના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર સળગી ગયેલ જે ગંભીર રીતે દાઝી ગયેલ હિનાબેનને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા જ્યાં ફરજ પરના ડોક્ટર રીટા સિન્હાએ મૃત જાહેર કરી હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે જાણ કરતા પોલીસ સિવિલમાં આવી પહોંચી હતી.

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે મદ્રેસા હાઈસ્કૂલ,

હિંમતનગર એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહનું સમગ્ર શાળાનું પરિણામ ૯૬ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે લાલા મો. મોઈન મો. અમીન ૯૬.૫૬ પર્સન્ટાઈલ, બીજા નંબરે ચાંદનીવાલા સોફીઝા મો. સલીમ ૯૪.૪૧ પર્સન્ટાઈલ તથા ત્રીજા નંબરે લાલા સુમૈયા મો. હનીફ ૮૮.૯૧ પર્સન્ટાઈલ મેળવેલ છે. જે પૈકી લાલા મો. મોઈન કેમેસ્ટ્રીમાં ૯૫ માર્ક્સ, ફીઝીક્સમાં ૯૦ ગુણ, બાયોલોજીમાં ૯૪ ગુણ મેળવી ખુબ જ યશસ્વી સિદ્ધિ હાંસલ કરેલ છે. તથા ગુજકેટમાં ૧૨૦માંથી ૧૧૩.૭૫ ગુણ મેળવેલ છે.

આ સફળ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ ગુલામમોહયુદ્દીન હરસોલીયા, મંત્રી અલ્તાફહુસેન સાબુગર, શાળાના કન્વીનર અ. હકીમ હરાદવાલા અને શાળાના આચાર્યશ્રી ઝહુરએહમદ મુતવલ્લી સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

અકસ્માતમાં ઈજાગ્રસ્ત વૃદ્ધનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ડુંગરી ગામ પાસે શનિવારે ચાલતા જતા વૃદ્ધને મારૂતીની ટક્કરે ઈજા થતા સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરેલ જ્યાં સોમવારે મોત નીપજતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ ડુંગરી ગામના મોતીભાઈ ગોવિંદભાઈ વણકર (ઉંવર-૭૫) ના શનિવારે બપોરના સમયે ગામ નજીકથી પસાર થતા હતા દરમિયાન એક મારૂતીની ટક્કર વાગતા ગંભીર ઈજા થવા પામી હતી જેથી ઈજાગ્રસ્તને સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં દાખલ કરેલ જ્યાં તેમનું સારવાર દરમિયાન સોમવારે બપોરે મોત નીપજ્યું હતું. આ અંગે ફરજ પરના ડોક્ટર રીટા સિન્હાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવીને વધુ ઉત્પાદન મેળવવા અનુરોધ કરતા દિલીપભાઈ ઠાકોર

પાટણ, તા. ૨૬

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના પાટણ એ.પી.એમ.સી ખાતેથી ૯ કિસાન રથોનું -સ્થાન ગુજરાત રાજયના રાજય કક્ષાના

મંત્રીશ્રી , સામાજિક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ,શ્રમ અને રોજગાર માન. દિલીપભાઈ ઠાકોરના અધ્યક્ષસ્થાને અને વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૯ તાલુકાઓમાં ૯ કૃષિ રથ આગામી કૃષિ મહોત્સવ-૨૦૧૪ અંતર્ગત તા. ૨૬/૫/૨૦૧૪થી તા.૯/૬/૨૦૧૪ સુધી ૧૫ દિવસ માટે તાલુકા પંચાયતની કુલ ૧૩૩ બેઠકોના પંસંદ ગામોમાં ભ્રમણ કરી રાજય સરકારની કૃષિ કલ્યાણકારી યોજનાઓ અને તજજ્ઞો તથા કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનથી કૃષિની આવકમાં નોંધપાત્ર વધારો થાય તેવા -યત્નો હાથ ધરવામાં આવનાર છે. રાજયના છેક છેવાડાના ખેડૂતોને આવરી લેતો કૃષિ મહોત્સવનો સને -૨૦૦૫ થી રાજયના સર્વ-થમ ઉત્તર ગુજરાતના ઉંઝા ખાતે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ -રંભ કરાવ્યો હતો. આજે એ.પી.એમ.સી પાટણ ખાતે દસમો કૃષિ મહોત્સવ ૨૦૧૪ને પાટણ જિલ્લાના મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડુત ભાઈ-બહેનોએ ખૂબ ઉમળકાભેર વધાવી લીધેલ હતો.

સરદાર સરોવર નિગમ,ખેતીવાડી વિભાગ અને એ.પી.એમ.સી પાટણના સંયુકત ઉપક્રમે આયોજીત પાક પરિસંવાદને રાજયના સામાજિક અને શૈક્ષાણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ,શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોરના વરદહસ્તે દિપ -ગટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. માનનીય મંત્રીશ્રીએ -સંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજના શુભ દિને માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ એક ખેડુત પુત્રી હોઈ ખેડૂતોના -શ્નો જાણતા હોઈ તેઓ તરફ લાગણી હોઈ, છેલ્લા નવ વર્ષથી રાજય સરકારે કૃષિ મહોત્સવનું રાજયભરમાં અમલ થયો છે ત્યારે કૃષિ વિકાસની તકો વિસ્તારવા ભાર મુકેલ હોવાની વાત કરી ગુજરાતનો કૃષિ વિકાસદર ૧૦ ટકાથી ઉપર થયેલ છે તેવા સંજોગોમાં કૃષિ વિકાસને વેગ આપવા ચાલુ વર્ષે દસમા કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રાંતિજ નગરમાં જાહેરમાં ગંદકી કરનારા દંડાશે

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ નગરમાં થતી ગંદકીના સંદર્ભે નગરપાલિકા તંત્રએ રહિશો સામે લાલ આંખ કરી છે અને જાહેરમાં કચરો નાખનાર શહેરીજનો અને વેપારીને આરોગ્ય વિભાગ દ્વારા દંડ વસૂલવામાં આવશે અને કડક પગલા પણ લેવાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગમરાં થતી ગંદકીના સંદર્ભે નગરપાલિકાએ આગોતર પગલા માટે નગરજનોને જાહેરમાં નાખવામાં આવતો કચરો કે ઘનકચરો કચરાપેટીમાં નાખવા આહવાન કર્યુ છે. છતા પણ નગરજનો અને વેપારીઓ જાહેરમાં કચરો નાખી રહ્યા છે. જેની સામે નગરપાલિકા તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અને જાહેરમાં કચરો નાખવાની પ્રવૃત્તિ બંધ નહી કરનાર સામે આરોગ્ય વિભાગ દ્વારા દંડ ફટકારવામાં આવશે. ઉપરાંત શિક્ષાત્મક પગલા પણ ભરવામાં આવશે.

પ્રાંતિજમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૬

નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ હિંમતનગરના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ તાલુકા કાનૂની સેવા સમિતિના ઉપક્રમે બાળકો તથા સ્ત્રીઓના અધિકારો, એચ.આઈ.વી. એઈડ્સ, સિનિયર સિટીઝન, અપુરતા પોષણ અંગે અને વુમન રાઈટ તથા હ્યુમન રાઈટ અંગે કાનૂની શિક્ષણ શિબિરો યોજાઈ હતી.

આ શિબિર અંગેનું માર્ગદર્શન તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ સિવિલ કોર્ટના જજ કુ. એસ.વી. પઠાણે આપ્યું હતું.

આ શિબિર દરમિયાન પ્રાંતિજના અગ્રણી એડવોકેટ એસ.ડી. પંડ્યા, કે.એન. પટેલ અને આર.બી. પટેલ તથા પેશલીગલ વોલન્ટીયર તથા સામાજીક કાર્યકરો નટુભાઈ બારોટ, તેજસ પટેલ અને દક્ષેશ પ્રજાપતિ હાજર રહિને વિવિધ કાયદાઓ અને સરકારની યોજનાઓ અંગેની માહિતીઓ ઉપસ્થિત ગ્રામજનોને આપવામાં આવી હતી. જ્યારે આ શિબિરનું મહત્વ અને મફત કાનૂની સેવા શું છે તે કોને મળે તે અંગેની વિસ્તૃત સમજ ડી.એન. મકવાણાએ આપી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES MARBLE ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન